# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ–૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે તા.09/02/2024 ના રોજ લેવામાં આવનાર છે. પ્રખરતા શોધ કસોટી(TST) માટેના આવેદનપત્રો **તા.22/12/2023 થી તા.05/01/2024 ના રોજ 17:00 કલાક સુધી** બોર્ડની વેબસાઇટ **gseb.org** અથવા **prakharata.gseb.org** પરથી ફક્ત ઓનલાઈન માધ્યમે ભરી શકાશે. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ભરવા અંગેની જરૂરી સૂચનાઓ બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે. આ વર્ષે પ્રખરતા શોધ કસોટી તાલુકા મથકના કેન્દ્રો પર યોજાનાર છે. પરીક્ષા માટે આવેદન કરનારે બેંક ખાતા મુજબનું નામ, બેંક ખાતા નંબર, બેંકની શાખા, બેંકનું નામ, IFSC CODE વગેરે જેવી વિગતો પોતાની બેંક પાસબુકને આધારે કાળજીપૂર્વક ભરવાની રહેશે. પરિણામ બાદ મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારની રકમ તેમના આવેદનપત્રમાં દર્શાવેલ બેંક ખાતામાં જ જમા કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા અને સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા જણાવવામાં આવે છે.

**સ્થળ**: ગાંધીનગર
**તારીખ**: 22/12/2023

સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર